# બનાસકાંઠામાં કોરોનાના ૪૨ પોઝિટિવ કેસ

પાલનપુર

બનાસકાંઠા જિલ્લામાં મંગળવારે કોરોનાના ૪૨ પોઝિટિવ કેસ નોંધાયા હતા. જેની સાથે જિલ્લામાં કુલ પોઝિટિવ કેસની સંખ્યા ૧૯૦૮ પહોંચી ગઈ છે. જ્યારે કુલ મૃત્યુઆંક ૫૬ પહોંચ્યો છે.

બનાસકાંઠા જિલ્લામાં કોરોના વાયરસનું સંક્રમણ દિન પ્રતિદિન ગંભીર હદે વધી રહ્યું છે.જ્યાં મંગળવારે કોરોનાના ૪૨ પોઝિટિવ કેસ નોંધાયા હતા. જેની સાથે જિલ્લામાં કુલ પોઝિટિવ કેસની સંખ્યા ૧૯૦૮ પહોંચી ગઈ છે.આ અંગે જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા જણાવ્યું હતું કે, પાલનપુર ૧૫, અમીરગઢ ૦૩, વડગામ ૦૨, ડીસા ૧૫, દિયોદર ૦૧, થરાદ ૦૨, ભાભર ૦૩ અને સુઈગામ ૦૧ કેસ નોંધાયો હતો. એન્ટીજન સેમ્પલ૧૩૭૨ લેવાયા હતા. જેમાં ૩૩ પોઝિટિવ આવ્યા હતા. આર ટી પી સી ટી ખાનગી ૪ માંથી ૩ પોઝિટિવ અને સરકારી ૩૩ માંથી ૬સેમ્પલ પોઝિટિવ આવ્યા હતા. કુલ સેમ્પલ ૧૪૦૯ લેવાયા હતા.

# ચેરમેન શંકરભાઈના સમર્થનમાં સોળમાંથી નવ ઉમેદવારો બિનહરીફ

## ઉમેદવારીપત્રો ભરવાના અંતિમ દિને જ મોટા ભાગની બેઠકો બિનહરીફ

અનેક પડકારો વચ્ચે બનાસ ડેરીનો ચૂંટણી રણસંગ્રામ ખેલાઈ રહ્યો છે ત્યારે આજે ચેરમેન શંકરભાઈએ ‘‘પહેલો ઘા રાણાનો’’ એ ઉકતીને સાર્થક કરતાં તેમના સમર્થનવાળા ૯ ઉમેદવારોની સામે અન્ય કોઈ ઉમેદવારીપત્ર ન આવતાં શંકરભાઈને સમર્થન આપતાં ડિરેકટરો બિનહરીફ વિજેતા થતા પેનલો બનાવીને ચૂંટણી લડવાની અટકળો ચલાવનારાઓને ઉમેદવારો પણ ન મળતાં ચૂંટણી એક તરફી થઈ જવા પામી છે. બનાસડેરીની ચૂંટણીમાં આજે ઉમેદવારી પત્રો ભરવાના અંતિમ દિવસે ૧૬માંથી ૯ તાલુકાઓમાં માત્ર એક જ ઉમેદવારીપત્ર આવતા મોટાભાગની બેઠકો બિન હરીફ થવા પામી છે. હજુ ઉમેદવારીપત્રો પરત ખેંચવાની તારીખ સુધીમાં તો બીજી કેટલીક બેઠકો પણ બિન હરીફ થવાના એંધાણ વર્તાઈ રહ્યા છે.

બિન હરીફ વિજેતાઓની યાદી

- રાધનપુર - શંકરભાઈ ચૌધરી
- સાંતલપુર - રાઘાભાઈ આયર
- સુઈગામ - મુળજીભાઈ પટેલ
- ધાનેરા - જોઈતાભાઈ પટેલ
- દાંતીવાડા - પરથીભાઈ જે. ચૌધરી
- અમીરગઢ - ભાવાજી રબારી
- વાવ - રાયમલભાઈ કે. ચૌધરી
- દાંતા - દિલીપસિંહ બારડ
- લાખણી - ધુડાભાઈ ઉ. ચૌધરી



બનાસ ડેરીના વાઇસ ચેરમેન માવજીભાઇ દેસાઇએ ડીસા બેઠક પરથી ઉમેદવારી નોંધાવી

બનાસ ડેરીની ચૂંટણીમાં ડીસા બેઠક પરથી ડેરીના વાઈસ ચેરમેન માવજીભાઈ દેસાઈ એ ડીસા મામલતદાર કચેરી ખાતે ફોર્મ ભરવાના અંતિમ દિવસે ઉમેદવારી પત્ર રજૂ કર્યુ હતું. મંગળવારે ડીસા માર્કેટયાર્ડ ખાતે બનાસકાંઠાના સાંસદ પરબતભાઈ પટેલ, ગુજરાત સરકારના પૂર્વ મંત્રી અને જીલ્લા ભાજપ પ્રમુખ કેશાજી ચૌહાણ તેમજ જીલ્લા ભાજપના પૂર્વ પ્રમુખ રાણાભાઈ દેસાઈ સહિત આગેવાનો અને પશુપાલકોની વિશેષ ઉપસ્થિતિમાં બનાસ ડેરીના વાઈસ ચેરમેન માવજીભાઈ દેસાઈના સમર્થનમાં સભા યોજાઈ હતી. ત્યારબાદ ડીસા મામલતદાર કચેરી મામલતદાર એ. જે. પારઘી સમક્ષ ઉમેદવારી પત્ર રજૂ કર્યું હતું. બનાસ ડેરીની ચૂંટણીમાં ફોર્મ ભરવાના અંતિમ દિને ડીસા મામલતદાર કચેરી ખાતે મામલતદાર એ. જે. પારઘી સમક્ષ ઉમેદવારી પત્ર રજૂ કર્યુ હતું.

# પ્રાંતિજ તાલુકા વીસીઈઓ દ્વારા ત્રણ જગ્યાએ આવેદનપત્ર આપ્યું

## કાયમી ફિક્સ પગાર લાભો સહિતની માંગણીઓ સાથે આવેદનપત્ર આપ્યું

પ્રાંતિજ, તા. ૨૯

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ તાલુકામાં વીસીઈઓ તરીકે કામગીરી કરતાં વીસીઈઓ દ્વારા તેમણી વિવિધ માંગણીઓને લઈને પ્રાંન્ત કચેરી, મામલતદાર કચેરી, તાલુકા પંચાયત ખાતે આવેદનપત્ર આપ્યું.

પ્રાંતિજ તાલુકામાં આવેલ ગ્રામ પંચાયત કચેરીએ ઈ.ગ્રામ સેન્ટરોમાં વીસીઈ તરીકે છેલ્લાં ૧૪ વર્ષથી ફરજ બજાવતા ૫૪ વીસીઈઓ દ્વારા હાલ તાલુકામાં કમીશન પર કામગીરી આપી રહ્યાં છે અને ગ્રામ્ય વિસ્તારોમાં ફરજ બજાવે છે ત્યારે સરકાર દ્વારા વીસીઈના હિત માટે હાલતો કોઈ પગલાં ના ભરતા વીસીઈઓ દ્વારા અવારનવાર રજુઆતો કરવા છતાં કોઈ નિરાકરણ કરવામાં ના આવતા રાજય મંડળ દ્વારા તથા જિલ્લા તથા તાલુકા મંડળ દ્વારા કામગીરીનો બહિષ્કાર કરવાનો નિર્ણય કરેલ છે જેમાં ત્રણ કારણો અને માગણીઓ સાથે આવેદનપત્ર આપ્યું છે જેમાં કારણોમાં (૧) હાલમાં કોરોના મહામારીને કારણે વીસીઈ દ્વારા ખેડૂતોના ધસારાના કારણે મગફળી રજીસ્ટ્રેશન અને ૩૭૦૦ કરોડ સહાય પેકેજની એંટ્રી કરતા વીસીઈ કોરોના ગ્રસ્ત થવાની સંભાવના છે (૨) અગાઉ પીએમકિશાન, કુષિ સહાય, જન્મ-મરણ, વિ.એંટ્રી કરેલ હોય બે વર્ષ જેટલો સમય થયો તેમછતાં હજુ સુધી ચુકવણુ કરવામાં આવેલ નથી (૩) છેલ્લા ૧૪ વર્ષથી કમિશન પર કામ કરતા હોય કમિશન વધવાને બદલે ધટયુ છે અને મોંઘવારીના સમયમાં કમિશન પર કામ કરવુ પોસાય તેમ ના હોઈ અને પગાર આપવામાં આવતો ના હોય વીસીઈની હાલત દયનીય છે ત્યારે ત્રણ માગણી પણ કરવામાં આવી છે જેમાં (૧) વીમા કવચનો લાખ (૨) કમિશન પ્રથા બંધ કરી પગાર-ધોરણ નકકી કરવું. (૩) અગાઉ નું પી.એમ.કિશાન, કૃષી સહાય, જન્મ-મરણ, વિ.એંટ્રીનુ ચુકવણુ તાત્કાલિક કરવું સહિતની માગણીઓ સાથે પ્રાંતિજ-તલોદના પ્રાંન્ત અધિકારી સોનલ બા પઢેરીયા, પ્રાંતિજ મામલતદાર એચપી ભગોરા, તાલુકા વિકાસ અધિકારી નીતિનભાઈ પટેલ સહિત ત્રણ જગ્યાએ વિવિધ માગણીઓ સાથે પ્રાંતિજ તાલુકા વીસીઈઓ મંડળ દ્વારા આવેદનપત્ર આપવામાં આવ્યુ હતું.



# બનાસ ડેરીની કાંકરેજ અણદાભાઈ પટેલે ઉમેદવારીપત્ર રજુ કર્યુ

## બનાસ ડેરીના તમામ ડિરેક્ટર બિનહરીફ થશે : શંકરભાઇ ચૌધરી

પાલનપુર, તા. ૨૯

બનાસકાંઠા જિલ્લાના પશુપાલકો-ખેડૂતો માટે હંમેશા અગ્રેસર રહેલી એશીયાની નંબર-૧ બનાસ ડેરીના નિયામક મંડળના સોળ ડિરેકટરની પસંદગીની ચૂંટણી પ્રક્રિયા ચાલી રહી છે ત્યારે ગઈકાલે તા. ૨૯-૯-૨૦૨૦ને મંગળવારના રોજ બનાસ ડેરી નિયામક મંડળની કાંકરેજ-૧૨ વિભાગના ડિરેક્ટર તરીકે જિલ્લા સહકારી સંઘના-થરા માર્કેટયાર્ડના ચેરમેન-બનાસ ડેરી, બનાસ બેકના ડિરેકટર અણદાભાઈ પટેલે ઉમેદવારી ફોર્મ ભરવા થરા બાલાજી જીનીંગ ખાતે બનાસ ડેરીના ચેરમેન શંકરભાઈ ચૌધરીની અધ્યક્ષતામાં કાંકરેજ તાલુકાના સહકારી આગેવાનો, દૂધ મંડળીઓના ચેરમેન-મંત્રીઓ ઉપસ્થિત રહ્યા. જેમાં ઉમેદવાર અણદાભાઈ પટેલે બનાસ ડેરીનું સુકાન શંકરભાઈ ચૌધરીએ સંભાળ્યું ત્યારપછી સારો વિકાસ થયો છે. બટાટા, દાડમ, ગોબર ગેસ પલાન્ટ ઉપરાંત દુધની બનાવટોના વિવિધ પ્લાન્ટ દિયોદરના સણાદર ખાતે કાર્યરત થઈ રહ્યા છે જેનો સીધો લાભ દિયોદર, રાધનપુર, કાંકરેજ, વાવ, થરાદ, ભાભર, સુઈગામ, ડીસા, ભીલડી આજુબાજુના પશુપાલકો ખેડૂતોને મળશે તેમ કહી કાંકરેજ તાલુકાના સહકારી આગેવાનો, દૂધ મંડળીઓના ચેરમેન-મંત્રીઓએ જે સાથ સહકાર અને હૂંફ આપી છે તે પ્રકારે આ ચૂંટણીમાં પણ આપશે તેવો આશાવાદ વ્યક્ત કર્યો હતો.

બનાસ ડેરીના ચેરમેન શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે બનાસ ડેરીના સોળેસોળ ડિરેક્ટરો બિનહરીફ થવાના જ છે કાંકરેજ તાલુકો ઉમેદવાર અણદાભાઈ પટેલને આજે જ બિનહરીફ કરી મા અંબાના દર્શન કરાવે. બનાસ ડેરીની વિકાસ ગાથામા બાદરપુરા ઓઈલ સંકુલ બનાસ ડેરી હસ્તક થયું તેમાં રાયડા તેલ, ખોળથી ખેડૂતોને લાભ છે.



# અરવલ્લી જિલ્લામાં કોરોનાના નવા ૪ કેસ

અરવલ્લી જિલ્લામાં કોરોનાના સોમવારે નવા ૪ પોઝિટિવ કેસ નોંધાયા છે. અરવલ્લી જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા કોરોના ૪ પોઝીટીવ કેસ આવ્યા હોવાની પુષ્ટિ કરી છે, જેમાં મોડાસાની ગ્રીન સિટીમાં ૧, મેઘરજના ધોરાલ અને ગેડમાં ૧-૧ જ્યારે ભિલોડાના કુલ્લા કુશ્કીમાં કોરોનાનો ૧ કેસ મળી કુલ ૪ પોઝીટીવ કેસ નોંધાયા છે. આ સાથે જ અરવલ્લી જિલ્લામાં કોરોનાનો કુલ આંક ૪૯૫ પર પહોંચી ગયો છે.

# પ્રાંતિજ શ્રી મદન મોહન લાલાજી મંદિરમાં તુલસીવિવાહ પ્રસંગની ઉજવણી

પ્રાંતિજ, તા. ૨૯

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ શહેર દેસાઈની પોળમાં આવેલ શ્રી મદનમોહન લાલજી મંદિરમાં આસો સુદ અગિયારસના પવિત્ર દિવસે તુલસીવિવાહનું આયોજન કરવામાં આવ્યું હતું.

પવિત્ર પુરષોત્તમ માસ અંતર્ગત પ્રાંતિજ નગરના શ્રી મદન મોહન લાલાજી વૈષ્ણવ હવેલીમાં તુલસીવિવાહ પ્રસંગની ઉજવણી હર્ષોલ્લાસપૂર્વક કરવામાં આવી હતી. દેસાઈની પોળમાં આવેલ આ પૌરાણિક મંદિરમાં દરેક ધાર્મિક તહેવારોની ઉજવણી ખુબજ ધામધુમથી કરવામાં આવે છે પરંતુ આ વર્ષે કોરોનાની મહામારીના કારણે તમામ તહેવારો સાદાઈપૂર્વક અને સોસીયલ ડીસન્ટન જાળવીને ઉજવવામાં આવે છે. વૈષ્ણવ હરિભક્તો પૂર્ણિમાબેન પરીખ અને ભુનેશભાઈ પરીખે તુલસીવિવાહના મુખ્ય યજમાન તરીકે લાભ લીધો હતો. શાસ્ત્રી પ્રશાન્ત મહારાજે વિધિ વિધાન અનુસાર પરંપરાગત રીતે તુલસીજીના વિવાહ કરાવ્યા હતા. વૈષ્ણવ હરિભક્તોએ ઓચ્છવની ઉજવણીમાં ભાગ લીધો હતો. ઢોલ નગારા અને ખડતાલાના સંગીત સાથે તુલસીજીના વિવાહની ઉજવણી હર્ષોલ્લાસપૂર્વક કરવામાં આવી હતી. પ્રાંતિજ નગરમાં વૈષ્ણવોની બે હવેલી આવેલ છે, દશાશ્રીમાળીની વાડી નજીક શ્રી ધનશ્યામ લાલજીની હવેલી આવેલ છે જયારે દેસાઈની પોળમાં શ્રી મદન મોહન લાલાજી બીરાજમાન છે. આ બન્ને હવેલીમાં દરેક તહેવારોની ઉજવણી આનંદભેર કરવામાં આવે છે. અધિક માસ એટલે પવિત્ર પુરષોત્તમ માસમાં વિવિધ મનોરથોની ઉજવણી કરવામાં આવે છે.





ભિલોડા ગ્રામ પંચાયત કચેરી ધ્વારા આયુર્વેદિક ઉકાળાનું વિતરણ

સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા તાલુકામાં કોરોના વાઈરસનો કહેર દિન-પ્રતિ-દિન ગ્રામ્ય વિસ્તારોમાં વધતા અત્ર-તત્ર-સર્વત્ર ચિંતાનું મોઝું ફરી વળ્યું છે. ભિલોડા ગ્રામ પંચાયત સરપંચ અંબિકાબેન ગોરધનભાઈ ગામેતી, ડે.સરપંચ ભીખાભાઈ પટેલ, કારોબારી સભ્યો, તલાટી કમ મંત્રી ગોપાલભાઈ ભટ્ટ અને સ્ટાફ પરીવાર તેમજ આયુર્વેદ શાખા,સ્ટાફ પરીવાર ધ્વારા આયુર્વેદિક ઉકાળાનું વિતરણ કરાયું હતું. અમૃતપેય આયુર્વેદિક ઉકાળો ગ્રામજનોએ હોશે હોશે પીધો હતો. કાંતીભાઈ પટેલ, ગુણવંતભાઈ ત્રિવેદી, યોગેશભાઈ બુધ્ધ, મહેન્દ્રસિંહ રાઠોડ સહિત ગ્રામજનો, વેપારીઓ આયુર્વેદિક ઉકાળાના વિતરણ દરમ્યાન ઉપસ્થિત રહ્યા હતા.

# ૭ બેઠકમાં ૨૭ ઉમેદવાર મેદાનમાં...

## ૮ ઓક્ટોબરની ફોર્મ પરત ખેંચવાની મુદત સુધીમાં આ બેઠકો પણ બિનહરીફ થવાની સંભાવના

બનાસડેરીની ચૂંટણીમાં હવે ૭ બેઠક ઉપર જંગ જામ્યો છે જેમાં પાલનપુરમાં સૌથી વધુ ૮, ડીસામાં ૬, વડગામ, દિયોદર અને ભાભરમાં ૩- ૩ તેમજ થરાદ અને કાંકરેજ બેઠકમાં ૨-૨ ઉમેદવારો મેદાનમાં રહ્યા છે.

જો કે આજે ભરાયેલા ઉમેદવારી ફોર્મની ચકાસણી બાદ આવતીકાલે ગુરુવારે માન્ય ઉમેદવારોની યાદી જાહેર થશે.પરંતુ ૯ બેઠકો બિનહરીફ થયા બાદ આગેવાનોએ બાકીની આ ૭ બેઠકો પણ બિનહરીફ કરવાના પ્રયાસો સતેજ કરી દીધા છે. તેથી આગામી તા. ૮/૧૦/૨૦૨૦ ની ઉમેદવારી ફોર્મ પરત ખેંચવાની મુદત સુધીમાં આ બેઠકો પણ બિનહરીફ થવાની પૂરેપૂરી શકયતા છે.

# જિલ્લા પંચાયતની આરોગ્ય શાખાના ૭૩૦ કર્મચારીઓને પગારના ફાફા

હિંમતનગર, તા. ૨૯

સાબરકાંઠા જિલ્લામાં ગત માર્ચ માસથી શરૂ થયેલા કોરોના કહેને લીધે સૌથી વધુ કામગીરી જિલ્લા પંચાયત હસ્તકના આરોગ્ય વિભાગના કર્મચારીઓ કરે છે. ત્યારે તંત્રની અણઆવડતને કારણે છેલ્લા બે માસથી આરોગ્ય વિભાગના લગભગ ૭૩૦ કર્મચારીઓને સમયસર પગાર ન મળતા તેમના પરીવારો ખુબજ મુશ્કેલીમાં મુકાયા છે. જેથી સત્વરે પગાર ચુકવવા માટે સાબરકાંઠા આરોગ્ય કર્મચારી મંડળ દ્વારા સોમવારે જિલ્લા વિકાસ અધિકારીને લેખિત રજુઆત કરાઈ છે. તો બીજી તરફ જિલ્લા આરોગ્ય અધિકારી પોતાની જવાબદારીમાંથી છટકી જવા માટે ગોળગોળ જવાબ આપી રહ્યા છે.

આ અંગે જિલ્લા આરોગ્ય કર્મચારી મંડળના પ્રમુખ આશિષકુમાર બ્રહ્મભટ્ટના જણાવાયા મુજબ જિલ્લા પંચાયતના વિવિધ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં વર્ગ ત્રણના લગભગ ૭૩૦ કર્મચારીઓ વિવિધ કેડરમાં ફરજ બજાવે છે. દરમિયાન અત્યારે સાબરકાંઠા જિલ્લામાં કોરોના પોઝીટીવના કેસો સતત વધી રહ્યા હોવા છતાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં ફરજ બજાવતા મેઈલ, ફીમેલ, હેલ્થવર્કર, લેબટેકનીશીયન, ફાર્માસીસ્ટ તથા સ્ટાફ નર્સ રાત દિવસ જોયા વગર ફરજ બજાવી રહ્યા છે. જેમનો માસિક પગાર અંદાજે રૂ. ૩ કરોડ થવા જાય છે બે મહિનાથી તેઓ સતત કોરોના કાળમાં પણ પરીવારની ચિંતા કર્યા વિના તેઓ ફીલ્ડમાં અથવા તો પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં સતત હાજર રહીને કામ કરતા હોવા છતા પણ ઉચ્ચ અધિકારીઓની અણઆવડતને લીધે બે મહિનાથી પગારથી વંચિત છે.

મળતી માહિતી મુજબ જો ઉચ્ચ અધિકારીઓનો સમયસર નિયત તારીખે પગાર થતો હોય તો પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં ફરજ બજાવતા કર્મચારીઓનો પગાર નિયમિત કેમ થતો નથી તે તપાસનો વિષય છે. આરોગ્ય કર્મચારી મંડળે જિલ્લા વિકાસ અધિકારીને કરેલી લેખિત રજુઆતમાં જણાવ્યા મુજબ ૭૩૦ કર્મચારીઓનો ઓગષ્ટ અને સપ્ટેમ્બર મહિનાનો પગાર થયો નથી. પગાર સમયસર ન મળવાને કારણે અનેક પરીવારો આર્થિક સંકડામણ ભોગવી રહ્યા છે. જેથી વર્ગ ત્રણના આ કર્મચારીઓનો સમયસર પગાર થાય તેવી માંગ કરવામાં આવી છે.

# શામળાજીમાં પત્ની રિસાઈને જતા યુવકે તેના ભાઈના મકાનમાં આગ લગાડી દીધી

## ખોટું કર્યું હોવાનો અહેસાસ થતા યુવકે ગળેફાંસો ખાઈ લીધો

શામળાજી, તા. ૨૯

કોરોના વૈશ્વિક મહામારીમાં લોકોનું માનસિક સંતુલન પણ બગડી રહ્યું છે આત્મહત્યા, હત્યા અને હુમલાની ઘટનાઓ સતત બની રહી છે. અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના શામળાજી નજીક આવેલા લૂસડિયા ગામે આવી જ એક ઘટના સામે આવી છે જેમાં એક યુવકની પત્ની રિસાઈ પીયર જતી રહેતા યુવકે જાણે માનસિક સંતુલન ગુમાવ્યું હોય તેમ તેના ભાઈ સાથે ઝગડો કરી મકાનમાં આગ લગાવી દેતા સરસામાન સળગી ગયો હતો, ઘરમાં આગ લગાડનાર યુવકે ઉશ્કેરાટમાં ખોટું પગલું ભર્યું હોવાનો અહેસાસ થતા તેના ઘરે જઈ આત્મહત્યા કરી લેતા ભારે ચકચાર મચી હતી. શામળાજી પોલીસે ઘટનાસ્થળે પહોંચી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

શામળાજી નજીક આવેલ લુસડીયા ગામે સંયુક્ત કુટુંબમાં બધા ભાઈઓ રહે છે શામળાજી પોલીસ સ્ટેશનમાં વિનોદ ધુળા ઘાટીયા, રહે લુસડીયા વાડાએ પોતાના ભાઈની સામે જ ફરિયાદ નોંધાવી છે તે ભાઈ પણ મરણ પામેલ છે. આ કામના ફરીયાદી અને આરોપી બન્ને સગા ભાઈઓ છે. રાકેશભાઈ ધુળાભાઈ ઘાટીયા, ઉ.વર્ષ.૪૫ રહે. લુસડીયાની પત્ની રીસાઈને પીયર જતી રહેતા રાકેશભાઈને લાગી આવતા આવેશમાં આવી પોતાનાં ભાઈ સાથે ઝગડો કરીને ધમાલ કરીને ઘરની અંદર પડેલ ઘરવખરી તથા સામાનને આગ ચાંપી દેતા જોત જોતામાં આગે વિકરાળ સ્વરુપ ધારણ કરતાં મકાન આગમાં બળીને ખાખ થઈ ગયું હતું. પોતાના ભાઈના મકાનને આગ લગાવી દીધી તેનું ભાન થતાં મનમાં લાગી આવતાં પોતાના ઘરમા જઈ જાતે ગળેફાંસો ખાઈ રાકેશભાઈ ઘાટીયાએ આત્મહત્યા કરી દીધી હતી. આની જાણ તેમના ભાઈ વિનોદભાઈ ધોટીયાએ શામળાજી પોલીસને જાણ કરતા પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચ્યો હતો અને મૃતદેહનો પીએમ માટે શામળાજી સીએસસી ખાતે લાવવામાં આવ્યો હતો. વધુ તપાસ શામળાજી પીએસઆઈ એ.એમ. દેસાઈએ વધુ તપાસ હાથ ધરી છે.





અરવલ્લી જિલ્લા પોલીસ અધિક્ષક સંજય ખરાતના પો.અધિક્ષક ભરત બસીયાએ જિલ્લામાં સગીરવયના બાળકોના અપહરણ ગુન્હાના આરોપીઓ સામે લાલ આંખ કરી આરોપીઓને ઝડપી પાડવા જિલ્લા એન્ટી હ્યુમન ટ્રાફિકીંગ યુનિટને જરૂરી સુચના અને માર્ગદર્શન આપતાં મહિલા પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પી.આઈ એફ.એલ. રાઠોડ દ્વારા AHTUના સ્ટાફના માણસોને બાળકોના અપહરણના ગુન્હામાં નાસતા ફરતા આરોપીઓને શોધી કાઢવા સૂચના આપતાં મોડાસા રૂરલ પોલીસ મથકે નોંધાયેલા સગીર વયની બાળાના અપ હરણના ગુન્હાનો છેલ્લા દોઢ વર્ષથી નાસતો ફરતો આરોપી વિજયભાઈ કનુભાઈ નાયકા ઉ.વ.૨૨, રહે. દીપાપુર, તા.જાંબુગોડા, જિ.પંચમહાલ. હાલ રહે. તેનપુર, તા. બાયડ, જિ. અરવલ્લી, જે આરોપી ધનસુરા ચાર રસ્તાથી માલપુર રોડ થઈ પોતાના વતન દીપાપુર જવાનો છે તેવી બાતમી મળતાં AHTUના સ્ટાફના એચ.સી. મહેશભાઈ મગનભાઈ તેમજ મહિલા કોન્સ્ટેબલ ધર્મિષ્ઠાબેન લાલજીભાઈએ ધનસુરા ચારરસ્તા નજીક માલપુર ચોકડી પર વોચમાં રહી દોઢ વર્ષથી નાસતા ફરતા અપહરણના ગુન્હાના આરોપીને ઝડપી પાડવામાં સફળતા મેળવી આરોપીની કોવિડ-૧૯ની મેડિકલ તપાસણી કરાવી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# આદિવાસી ડુંગરી ગરાસીયા જનરલ પંચના મહામંત્રીએ મુખ્યમંત્રીને પત્ર પાઠવ્યો

## સાબરકાંઠા-અરવલ્લી જીલ્લામાં અતિવૃષ્ટીથી અસરગ્રસ્ત વિસ્તારોમાં ખેડુતોને સહાય આપવા અનુરોધ કર્યો

ભિલોડા,તા.૨૯

આદિવાસી ડુંગરી ગરાસીયા જનરલ પંચ,સાબરકાંઠા-અરવલ્લીના મહામંત્રીએ મુખ્યમંત્રીને લેખિતમાં પત્ર પાઠવ્યો હતો. ગુજરાત રાજયના ઉત્તર ગુજરાતના સાબરકાંઠા-અરવલ્લી જીલ્લામાં અતિવૃષ્ટીથી અસરગ્રસ્ત ખેડુતોને ખેતીમાં થયેલ વ્યાપક નુકસાન સંદર્ભે સહાય આપવા અનુરોધ કર્યો હતો. આદિવાસી ડુંગરી ગરાસીયા જનરલ પંચ, સાબારકાંઠા-અરવલ્લીના મહામંત્રી બી.એમ.ખાણમાએ જણાવ્યું હતું કે ચોમાસાની સિઝન દરમ્યાન અતિભારે વરસાદથી ખેડુતોના વિવિધ પાકને વ્યાપક નુકસાન થયેલ છે. ગુજરાત રાજયના કેટલાક વિસ્તારોના ખેડુતોને સહાય આપવા અન્વયે સહાય પેકેજ જાહેર કરાયું છે.

સાબારકાંઠા-અરવલ્લી જીલ્લામાં વિવિધ વિસ્તારોમાં ભારે વરસાદના કારણે ખેતીના વિવિધ પાકોને વ્યાપક નુકસાન પહોંચ્યુ હોઈ ખેડુતો આર્થિક રીતે બરબાદ થઈ રહ્યા છે ત્યારે જીલ્લા કક્ષાના લાગતા-વળગતા જવાબદાર અધિકારીઓને જરૂરી સુચના આપી નુકસાનીનું સર્વે કરાવી ખેડુતોને આર્થિક સહાય આપવા સંદર્ભે આદિવાસી ડુંગરી ગરાસીયા જનરલ પંચ, સાબરકાંઠા-અરવલ્લી, મહામંત્રીએ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીને લેખિતમાં પત્ર પાઠવ્યો હતો.